ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૭ માર્ચ, ૨૦૨૬

આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

આણંદ લોકસભા અને પેટલાદ વિધાનસભામાં સમાવિષ્ટ થયેલું બોરસદ તાલુકાનું ગામ

કસુંબાડ

કસુંબાડ ગામ દાતાઓની સખાવત અને વતન પ્રેમની લાગણીઓથી છલોછલ બનેલું છે

આણંદ જિલ્લામાં બોરસદ તાલુકાના કસુંબાડ નામ સાંભળીને સૌને આશ્ચર્ય અનુભવાય તેવુ અજબ ગામનું સર્જન વિવિધ શહેરોમાં અને સ્થાનિક કક્ષાએ સ્થાયી થયેલ દાતાઓ દ્વારા કરવામાં આવ્યું છે. ગામના દરેક સમાજના લોકોએ નોંધપાત્ર સંખ્યામાં પોતિકા વ્યવસાય નોકરી ધંધામાં પગદંડો જમાવી દીધો છે. અન્યત્ર સ્થળોએ વસવાટ માટે સ્થાયી થયેલા કસુબાડ ગામના મૂળ વતનીઓ મોટાભાગે વિવિધ સ્થળોએ બબ્બે પેઢીથી પહોંચી ગયા હોવાનું જાણવા મળે છે.

સાવ સામાન્ય જણાઈ આવે તેવું કસુંબાડ ગામ હાલમાં દાતાઓની સખાવત અને વતન પ્રેમની લાગણીઓથી છલોછલ બનેલું છે. ગામમાં દરેક દરેક ધર્મ સ્થાન, જાહેર સ્થળો, સમાજ ઉપયોગી સુવિધાઓ, પ્રવેશ દ્વાર વગેરે વતનપ્રેમની સાક્ષી પૂરે છે. ગામમાં દેવમંદિર , શિક્ષણ સુવિધા માટે તેમજ શાળામાં પૂરક જરૂરીયાતો તેમજ બાળકોને મદદરૂપ થાય તેવી ચીજવસ્તુઓ વગેરે માટે વિવિધ દાતાઓ તરફથી સમયાંતરે સખાવતોની સરવાણી વહેતી કરવામાં આવી છે.

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાનું કસુંબાડ ગામ જીલ્લા મથક આણંદથી ૨૫ કિલોમીટર અને તાલુકા મથક બોરસદથી માત્ર ૯ કિલોમીટરના અંતરે આવેલું ગામ છે. કસુબાડ ગામ સંદર્ભે ગામના વડીલો પાસેથી ચર્ચા દરમિયાન જાણવા મળ્યા મુજબ કસુંબાડ ગામનો પ્રારંભિક વસવાટ ઇ.સ.1215 વર્ષ અગાઉ થયેલો છે. સમગ્ર પંથકમાં જ્યાં જુઓ ત્યાં મોટાભાગે વનરાજી જોવા મળતી હતી. આવા રમણિય વિસ્તારમાં સામાન્ય લોકોએ વસવાટ શરૂ કર્યો હતો. પરંતુ જે તે સમયે વિવિધ પ્રકારના ઝાડ પુષ્કળ પ્રમાણમાં હતાં. જોકે કાળક્રમે વનરાવન તરીકે ઓળખાતો પ્રદેશ કસુંબાડ ગામ તરીકે પ્રચલિત થયો હોવાની લોકવાયકા છે. ગામના વસવાટ અંગેની જાણકારી મુજબ પ્રારંભિક તબક્કામાં વિવિધ સમાજના લોકો વસવાટ માટે આવેલા હતા. કસુંબાડ ગામ આશરે ઈ.સ.1215ની આસપાસના વર્ષોમાં વસેલું હોવાનું લોકચર્ચા દરમિયાન જાણવા મળે છે .

કસુંબાડ ગામનું નામ પહેલા કસારાવાડ હોવાનું જાણવા મળે છે. તત્કાલીન સમયે આ ગામમાં વાસણ બનાવવાના અને વેચાણના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો વસવાટ કરતા હતા. જેથી કસારા નામ ઉપરથી કસુંબાડ ગામનું નામ લોકબોલીમાં પ્રચલિત થયું હોય એવું માનવામાં આવે છે. ગામના લોકોને સરળતાથી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ગામમાં જ ઉપલબ્ધ થાય તેવા બજારો ગામમાં ઉપલબ્ધ છે. ગામની વિશાળ ભાગોળે જ નાના મોટા દુકાનદારો જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનુ વેચાણ કરે છે. ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. બન્ને વ્યવસાય સ્થાનિક રહીશો માટે આર્થિક સમૃદ્ધિ અને જીવન નિર્વાહ માટે અગત્યના છે. આઝાદી બાદ સ્થાનિક લોકો દ્વારા ખેતી સાથે સાથે પૂરક વ્યવસાય તરીકે પશુપાલનને મહત્વનું ગણ્યું છે. કસુંબાડ ગામમાં અગાઉ શિક્ષણનુ પ્રમાણ ખૂબ નહીવત હતું. ત્યારે શિક્ષણ માટે ખુબ અગ્રેસર ગણાતા પામોલ ગામની શૈક્ષણિક સંસ્થાઓ અને બોરસદ ખાતે ઉચ્ચ શિક્ષણ મેળવીને ઉચ્ચ કારકિર્દી બનાવી હતી. છ દાયકા પહેલાં ગામમાં ગણ્યા ગાંઠ્યા લોકો જ શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવીને પ્રાથમિક શિક્ષણથી વધુ ઉચ્ચ અભ્યાસ મેળવ્યો હતો. જોકે છેલ્લા વીસેક વર્ષથી શિક્ષણ પ્રત્યે વધુ સજાગતા આવતાં ગામમાં ઉચ્ચ શિક્ષણ પ્રમાણ નોંધપાત્ર રહ્યું છે.

જીલ્લા મથક આણંદથી 25 કિલોમીટર અને તાલુકા મથક બોરસદથી માત્ર 9 કિલોમીટરના અંતરે આવેલું ગામ છે

કેળાંના પાકની મબલખ આવક થવાથી કસુંબાડના ખેડુતો માટે કલ્પવૃક્ષ સમાન ખેતી ગણાય છે

આણંદ જિલ્લામાં બોરસદ તાલુકાના કસુંબાડ ગામના ખેડૂતો કેળાની ખેતી કરી લાખોની કમાણી કરી રહ્યા છે. ગામના મોટાભાગના ખેડૂતો પોતાની જમીનમાંથી દર વર્ષે હજારો ટન કેળાનું ઉત્પાદન મેળવે છે. કેળાની ખેતીમાં દરેક ખેડૂત 1એકર જમીનમાંથી ચાર લાખથી વધુ રકમના કેળાંનું ઉત્પાદન મેળવે છે. પરંપરાગત ખેતીથી અલગ રીતે કસુંબાડ ગામના પ્રગતિશીલ ખેડૂતો કઇક અલગ કરી રહ્યા છે. તમાકુની ખેતી માટે પ્રખ્યાત ચરોતર પ્રદેશના ગામ કસુંબાડના ખેડૂતો તમાકુની ખેતી ઉપરાંત કેળાની પણ ખેતી કરી રહ્યાં છે. તેઓ એક્સપોર્ટ ક્વોલિટીના કેળાનું ઉત્પાદન કરે છે. આમ ગામના ખેડૂતો કેળાની ખેતીમાંથી અઢળક આવક મેળવે છે. બાપ-દાદાના સમયથી થતી પરંપરાગત ખેતીથી અલગ રીતે વર્તમાન ખેડૂતોએ ખેતી પધ્ધતિ અપનાવી છે. ખેતીમાં જબરદસ્ત બદલાવ લાવીને મબલખ ઉત્પાદન મેળવ્યું છે. એકંદરે ખેડૂતો માટે કેળાંની ખેતી કલ્પવૃક્ષ સમાન બનેલ છે. કેળાની ગુણવત્તા પણ ઉત્તમ હોવાથી કસુંબાડ ગામના કેળાની નિકાસ પણ દેશના અન્ય રાજ્યોમાં થાય છે.

ખેડૂતો દર વર્ષે હજારો ટન કેળાનું ઉત્પાદન કરે છે કેળાની ખેતીમાં દરેક ખેડૂત 1 એકર જમીનમાંથી ચાર લાખથી વધુ રકમનું આર્થિક ઉપાર્જન મેળવે છે

કસુંબાડ ટાઉન ટોક

-: કસુંબાડ ગામનો પરિચય :-

ગામના કુંટુંબોની કુલ સંખ્યા	668
કુલ વસ્તી	3056
કુલ પુરૂષો	1562
કુલ સ્ત્રીઓ	1494

-: સાક્ષરતા દર :-

કુલ સાક્ષરતા દર	86.91
પુરૂષ સાક્ષરતા દર	94.47
સ્ત્રી સાક્ષરતા દર	79.05

-: ખેડૂતો :-

ખેડૂતો	342
ખેત મજૂર	402
સીમાંત વર્ગ	03

-: બીપીએલ :-

બીપીએલ કુટુંબ (0 થી 16)	100
બીપીએલ કુટુંબ (17 થી 20)	281

-: પશુધન :-

પશુધન	1684
ગાય	440
ભેંસ	1129
અન્ય	115

-: જમીન ક્ષેત્રફળ :-

1057 હેક્ટર 92 આરે 71 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 101 હેક્ટર 04 આરે 00 ચો.મી.

-: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

-: શૈક્ષણિક સગવડ :-

પ્રાથમિક શાળા	03
માધ્યમિક શાળા	00
ઉચ્ચ.માધ્ય. શાળા	00
વિદ્યાર્થીઓ	311

-: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા	955

-: વીજળીકરણ :-

રહેણાંક વીજ જોડાણ	718
ઔદ્યોગિક વિષયક જોડાણ	03
ખેતી વિષયક જોડાણ	68

-: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો	270

-: સામાજિક સુરક્ષાની વિગતો :-

NFSA કાર્ડ ધારકો	518
BPL કાર્ડ ધારકો	193
અંત્યોદય કાર્ડ ધારકો	50

-: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

-: યોજનાકીય લાભાર્થીઓ :-

વૃદ્ધા પેન્શન	50
વિધવા સહાય	105
આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિઓ	03